# જામનગરમાં મકરસંક્રાંતિના પર્વની ઉમંગભેર ઉજવણી, પતંગોથી ગગન છવાયું



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરની ઉત્સવ પ્રેમી જનતા કે જે દરેક તહેવારોને ખૂબ જ ધામધૂમ પૂર્વક ઉજવે છે તે પરંપરા મુજબ ગઈકાલે મકરસંક્રાંતિના પર્વની પણ ભારે ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી, શહેરના અનેક વિસ્તારોમાં પતંગ ઉડતા જોવા મળ્યા હતા, જેને લઈ આકાશ પણ રંગબેરંગી પતંગોથી છવાયેલું જોવા મળ્યું હતું. શહેરના અનેક વિસ્તારોમાં પતંગ, દોરા, ફુગ્ગા તેમજ તલ, મમરાના લાડુ, ઊંધિયું, ઝીંઝરા, શેરડી સહિતની ખાદ્ય સામગ્રીના કુલ ૧,૦૦૦ થી વધુ હંગામી સ્ટોલ તેમજ ફેરીયાઓ ઉભેલા જોવા મળ્યા હતા, અને મકરસંક્રાંતિનો ઉત્સવ ભારે ધામધૂમ પૂર્વક ઉજવાયો હતો.

જામનગર શહેરમાં દોઢ દાયકા પહેલાં આકાશમાં એક પણ પતંગ જોવા મળતો ન હતો, પરંતુ ધીમે ધીમે તેમાં પરિવર્તન આવ્યું છે, અને ઉત્સવ પ્રેમી જનતા પતંગ મહોત્સવને પણ સારી રીતે ઉજવી રહ્યા છે. ખાસ કરીને જામનગર શહેરના જુના ગીચ વિસ્તારો, ઉપરાંત પટેલ કોલોની, નવાગામ ઘેડ, રણજીતનગર સહિતના કેટલાક વિસ્તારોમાં પણ મોટા પાયે પતંગ ઉડતા જોવા મળ્યા હતા. શહેરના કેટલાક એપાર્ટમેન્ટની અગાસી પર પતંગરસીયાઓ ગીત સંગીતના સથવારે પતંગ ઉડાવી રહેલા જોવા મળ્યા હતા અને કાપ્યો છે ના અવાજ અને ચિચિયારી પણ સાંભળવા મળી હતી. ઉપરાંત સમી સાંજે અનેક અગાસીઓમાં પતંગ રસિયાઓએ ગરબાનો પણ આનંદ ઉઠાવ્યો હતો.

ઉતરણની આગલી રાત્રે શહેરના રણજીત સાગર રોડ, ખોડીયાર કોલોનીથી સમર્પણ હોસ્પિટલ, ગુલાબ નગર મેઈન રોડ તેમજ દિપક ટોકીઝથી શાક માર્કેટ સુધીના વિસ્તારમાં અનેક સ્થળેઓએ

રાત્રિના બે વાગ્યા સુધી પતંગની ખરીદી માટેનો માહોલ જોવા મળ્યો હતો. અને લોકોએ પણ ધૂમ ખરીદી કરી હતી.

ઉપરાંત શિયાળાની સીઝનને અનુરૂપ તલ મમરાના લાડુ, ચીકી, શેરડી તેમજ અન્ય ખાદ્ય સામગ્રીના પણ અનેક સ્થળે વેચાણ કેન્દ્રો શરૂ થયા હતા, અને તેનું પણ ધૂમ વેચાણ થયું હતું. લોકોએ અનેક સ્થળે ઊંધિયું મેળવવા માટે પણ અનેક સ્થળે કતાર લગાવી હતી,

## જામનગરમાં મકર સંક્રાંતિના પર્વે પતંગના દોરથી ૨૩ વ્યક્તિ ઘાયલ : બે વ્યક્તિ સારવાર હેઠળ

જામનગર : જામનગર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં ગઈકાલે મકરસંક્રાંતિના પર્વની ઉજવણી પતંગરસીયાઓએ ભારે ઉત્સાહપૂર્વક કરી હતી, જે દરમ્યાન પતંગના દોરાના કારણે ૨૩ વ્યક્તિઓને નાની-મોટી ઈજાઓ થવા પામી છે, અને જી.જી. હોસ્પિટલમાં સારવાર અપાય છે, જેમાં બે વ્યક્તિ વધુ ઈજાગ્રસ્ત બની જતાં સારવાર હેઠળ છે.



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર શહેર અને આસપાસના વિસ્તારમાં ગઈકાલે મકર સનકરતીના તહેવાર દરમિયાન પતંગના દોરાના કારણે કુલ ૨૩ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત બની હતી. જેમાં ખાસ કરીને બાળકો અને મહિલાનો પણ સમાવેશ થાય છે.

જે તમામને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા બાદ પાટા પીડી કરીને કુલ ૨૧ વ્યક્તિને રજા આપી દેવામાં આવી હતી, અને તમામને દોરાના કારણે ઈજા થઈ હોવાથી સારવાર આપી ઘરે જવા દેવામાં આવ્યા હતા.

હાલ સરકારી જી.જી. હોસ્પિટલમાં બે વ્યક્તિ પતંગના દોરાના કારણે વધુ ઈજાગ્રસ્ત બની જતાં સારવાર હેઠળ છે. જેમાં હાપા વિસ્તારમાં રહેતો રાજેશ મકવાણા નામનો ૪૦ વર્ષનો યુવાન ગઈકાલે બપોરે નવા ફ્લાય ઓવર બ્રિજ ઉપરથી પસાર થઈ રહ્યો હતો, જે દરમિયાન પતંગ ના દોરાના કારણે તેના ગળાનો નીચેનો ભાગ કપાયો હતો અને ભારે રક્તસ્ત્રાવ થઈ ગયો હતો. જેને લોહી નીતરતી હાલતમાં સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા હતા, અને હાલ સારવાર હેઠળ છે. આ ઉપરાંત આંબેડકર બ્રિજ પરથી પસાર થઈ રહેલા ડોલન સમીરભાઈ દાસ નામના ૪૨ વર્ષના યુવાનને પણ પતંગના દોરાની ઈજા થઈ હોવાથી હાલ જી.જી. હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

## જામનગરમાં ગેસ્ટ હાઉસમાં ઉતરેલ યુવાનનો અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત

જામનગર : જામનગરમાં બેડી ગેઈટ વિસ્તારમાં આવેલ એક ગેસ્ટ હાઉસમાં ઉતરેલ યુવાનએ કોઈપણ કારણોસર ગળાફાંસો ખાઈ લીધાની જાણ પોલીસને થતા સ્થળ પર દોડી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરના બેડીગેટ વિસ્તારમાં આવેલા જયશ્રી ગેસ્ટ હાઉસમાં રૂમ નંબર ૪૪૨ માં ઉતરેલા રાજસ્થાનના વતની જતીન જશવંતસિંહ ચંદાવત નામના ૨૮ વર્ષના યુવાને પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવ અંગે ગેસ્ટ હાઉસના કર્મચારી બાલ ગોવિંદ યાદવે પોલીસને જાણ કરતાં સિટી એ. ડિવિઝનના એ.એસ.આઈ. એચ. આર. બાબરીયા બનાવના સ્થળે દોડી ગયા હતા, અને પરપ્રાંતિય યુવાનના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ કરાવ્યું છે, જ્યારે તેણે કયા સંજોગોમાં આપઘાતનું પગલું ભરી લીધું છે, તે જાણવા માટે રાજસ્થાનના અજમેરમાં રહેતા મૃતકના પરિવારજનોને જાણ કરી છે. જેઓ જામનગર આવ્યા બાદ આ પ્રકરણમાં વધુ ખુલાસો થઈ શકશે.

## કાલાવડ છતર ગામે હૃદય રોગનો હુમલો યુવાનને ભરખી ગયો


જામનગર : જામનગર જિલ્લામાં યુવા વયે હૃદય રોગના હુમલાથી મૃત્યુના બનાવમાં દિન પ્રતિદિન વધારો થતો જાય છે, ત્યારે ગઈકાલે કલાવડના છતર ગામર વધુ એક યુવાનનું હૃદય થંભી જતાં મૃત્યુ નિપજયું હોવાનો બનાવ સામે આવ્યો છે.

કાલાવડ તાલુકાના છતર ગામના રહેવાસી અને હાલ સુરતમાં એક ખાનગી કંપનીમાં નોકરી કરવા માટે ગયેલા નરેન્દ્ર રણછોડભાઈ અકબરી નામના ૪૩ વર્ષના યુવાનને ગઈકાલે પોતાના ઘેર એકાએક છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. જેને કાલાવડની સરકારી હોસ્પિટલમાં લઈ જવાયા હતા.જ્યાં બેશુદ્ધ બની ગયા બાદ તેને હૃદય રોગનો હુમલો આવી જવાના કારણે મૃત્યુ નીપજયું હોવાનું તબીબો દ્વારા જાહેર કરાયું હતું.

મૃતક યુવાન તાજેતરમાં મકર સંક્રાંતિના તહેવારને લઈને પોતાના ઘેર આંટો દેવા આવ્યો હતો, દરમિયાન આ બનાવ બનતા મૃતકના પરિવારમાં ભારે ગમગીની છવાઈ ગઈ છે.

## ધ્રોલમાં સોનીની દુકાનમાં બાકોરું પાડી ૧૭.૫૮ લાખના ઘરેણાંની ચોરી

ધ્રોલ : જામનગર જિલ્લાના ધ્રોલ શહેરમાં તસ્કરોએ કાયદો અને વ્યવસ્થાને પડકાર ફેંકતી એક મોટી ઘરફોડ ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. ધ્રોલ નગરપાલિકાની બિલકુલ સામે આવેલી એક સોનીની દુકાનમાં તસ્કરોએ પાછળની દીવાલ તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને તિજોરી તથા શોકેસમાં રાખેલા કુલ રૂપિયા ૧૭,૫૮,૦૦૦ની કિંમતના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી નાસી છૂટ્યા છે.




તસવીર: સંજય ડાંગર

આ બનાવ અંગેની વિગત એવી છે કે, જોડીયા તાલુકાના હડીયાણા ગામે રહેતા અને ધ્રોલમાં સોનીકામનો વ્યવસાય કરતા ૪૬ વર્ષીય પ્રકાશભાઈ હેમતલાલ ભીંડીની નગરપાલિકા સામે આવેલી દુકાનને તસ્કરોએ નિશાન બનાવી હતી. ગત તારીખ ૧૪/૦૧/૨૦૨૬ના રોજ રાત્રિના સાડા દસ વાગ્યાની આસપાસ કોઈ અજાણ્યા ચોર ઈસમોએ દુકાનની પાછળની દીવાલમાં મોટું બાકોરું પાડ્યું હતું. આ બાકોરા વાટે તસ્કરો દુકાનની અંદર પ્રવેશ્યા હતા અને દુકાનમાં રાખેલ શોકેસ તથા તિજોરી ફંફોસી હતી.

તસ્કરોએ તિજોરી અને શોકેસમાં રહેલા આશરે ૩ કિલોગ્રામ ચાંદીના દાગીના, જેની કિંમત અંદાજે રૂ. ૨,૫૮,૦૦૦ થાય છે, તેમજ તિજોરીમાં સુરક્ષિત રાખેલા ૧૫૦ ગ્રામ (૧૫ તોલા) સોનાના દાગીના, જેની બજાર કિંમત અંદાજે રૂ. ૧૫,૦૦,૦૦૦ ગણવામાં આવે છે, એમ કુલ મળીને રૂ. ૧૭,૫૮,૦૦૦ની મતાની ચોરી કરી હતી.

આ બનાવની જાણ થતા જ ધ્રોલ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. વેપારી પ્રકાશભાઈની ફરિયાદના આધારે ધ્રોલ પોલીસ સ્ટેશનના પી.આઈ. એચ.વી. રાઠોડ અને હેડ કોન્સ્ટેબલ સી.જે. જાડેજાએ ગુનો નોંધીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## જામનગર અને આસપાસના વિસ્તારમાં પતંગના દોરાથી ૨૨ પક્ષીઓ થયા ઘાયલ

### એકપણ પક્ષીનું મૃત્યુ નહીં : ૧૯ કબુતર, ૧ કાગડો, ૧ કોયલ અને ૧ પોપટ ઘાયલ થતા સારવાર અપાઈ



જામનગર : જામનગર શહેર અને આસપાસના વિસ્તારમાં ગઈકાલે મકરસંક્રાંતિના પર્વના દિવસે પતંગ અને દોરાના કારણે કુલ ૨૨ પક્ષીઓ ઘાયલ થયા હતા, અને તે તમામને સારવાર આપવામાં આવી છે. પતંગ વીરોએ ગઈકાલે ઘણો સંયમ રાખ્યો છે, જેના કારણે એકપણ પક્ષીના મૃત્યુના અહેવાલો મળ્યા નથી. જામનગરની ઉત્સવ પ્રેમી જનતા હવે મકરસંક્રાંતિના પતંગ મહોત્સવને પણ ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવે છે. ગઈકાલે જામનગર શહેર અને આસપાસના વિસ્તારમાં પતંગ અને દોરાના કારણે ૧૯ કબુતર, એક કાગડો, એક કોયલ, અને એક પોપટ સહિત કુલ ૨૨ પક્ષીઓ ઘાયલ થયા હતા. જે તમામ પક્ષીઓને સારવાર માટે ફોરેસ્ટ વિભાગ, મહાનગરપાલિકા તથા અન્ય એનજીઓ સંસ્થા વગેરે દ્વારા કરુણા અભિયાન અંતર્ગત તૈયાર કરેલા હંગામી સારવાર કેન્દ્રમાં તમામ પક્ષીઓને તાકીદની સારવાર આપવામાં આવી છે. ગઈકાલના સમગ્ર દિવસ દરમિયાન એકપણ પક્ષીના પતંગ - દોરાના કારણે મૃત્યુ નીપજયા હોય તેવા અહેવાલો હજુ સુધી પ્રાપ્ત થયા નથી, જે મુક પક્ષીઓ માટે સારી બાબત છે.